# કોસ્મો ફર્સ્ટ પ્લાસ્ટઇન્ડિયા 2026 ખાતે વિવિધ વ્યવસાયો માટે અનેક નવી પ્રોડક્ટ લોન્ચિંગનું પ્રદર્શન કરશે

- પોતાના ચાર મુખ્ય વ્યવસાયો - કોસ્મો ફિલ્મ્સ, કોસ્મો સ્પેશ્યાલિટી કેમિકલ્સ, કોસ્મો પ્લાસ્ટેક અને કોસ્મો કન્ઝ્યુમરના ઇનોવેશનનું પ્રદર્શન કરશે

**નવી દિલ્હી, 05 ફેબ્રુઆરી 2026:** ફિલ્મ્સ, શીટ્સ અને કન્ટેનર, પાલતુ પ્રાણીઓની સંભાળ, ઉપભોક્તા માટેના ઉત્પાદનો અને સ્પેશ્યાલિટી કેમિકલ સહિતના અનેક ક્ષેત્રોમાં વેપાર હિતો ધરાવતી કોસ્મો ફર્સ્ટ, 5થી 10 ફેબ્રુઆરી 2026 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાનારા પ્લાસ્ટઇન્ડિયા 2026માં તેના એડવાન્સ્ડ પેકેજિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ, સખ્ત પેકેજિંગ અને સરફેસ પ્રોટેક્શન સોલ્યુશનના સંકલિત પોર્ટફોલિયોનું પ્રદર્શન કરશે. કંપની સ્ટેન્ડ નંબર 14 (H3G) ખાતે ગોલ્ડ સ્પોન્સર અને લેનયાર્ડ સ્પોન્સર તરીકે ભાગ લેશે.

પ્લાસ્ટિક અને પેકેજિંગમાં નવીનતા અને ટકાઉપણા માટે ઉદ્યોગ-માન્ય પ્લેટફોર્મ, પ્લાસ્ટઈન્ડિયા 2026, હાઈ પર્ફોર્મન્સ અને ટકાઉ ઉકેલોને આગળ ધપાવવાના કોસ્મો ફર્સ્ટના વિઝન સાથે ગાઢ રીતે સુસંગત છે. કંપનીની ભાગીદારી સ્પેશ્યાલિટી ફિલ્મો, સખ્ત પેકેજિંગ, સ્પેશ્યાલિટી કેમિકલ્સ અને ઉભરતા ગ્રાહકોન્મુખ એપ્લિકેશન્સમાં તેની મજબૂતીને પ્રતિબિંબિત કરે છે, જે મજબૂત R&D ક્ષમતાઓ અને વધી રહેલા ઈકો ફ્રેન્ડલી ઉત્પાદન પોર્ટફોલિયો દ્વારા સમર્થિત છે. પ્લાસ્ટઈન્ડિયા ખાતે, કોસ્મો ફર્સ્ટ તેના ચાર મુખ્ય વ્યવસાયોમાંથી નવીનતાઓને એકસાથે લાવીને પ્લાસ્ટિક અને પેકેજિંગ વેલ્યુ ચેઈનમાં તેની એન્ડ-ટુ-એન્ડ ક્ષમતાઓનું પ્રદર્શન કરશે.

કોસ્મો ફિલ્મ્સ તેના સ્પેશ્યાલિટી ફિલ્મોના વ્યાપક પોર્ટફોલિયોનું પ્રદર્શન કરશે, જેમાં કોસ્મો ગ્રીન ગ્રાફિક્સ - પીવીસી-મુક્ત, સાઇનેજ અને ડિસ્પ્લે એપ્લિકેશન્સ માટે ટકાઉ ગ્રાફિક ફિલ્મ, ડેરી, રેડી-ટુ-ઇટ અને ફ્રેશ ફૂડ પેકેજિંગ માટે ઢાંકણવાળી ફિલ્મો અને ઉચ્ચ-તાપમાન અને ઉચ્ચ-અવરોધયુક્ત ખોરાકના ઉપયોગ માટે તૈયાર કરવામાં આવેલા અદ્યતન ઉકેલ અને હીટ-સીલ કોટેડ ફિલ્મોનો સમાવેશ થાય છે. દરમિયાનમાં, કોસ્મો સ્પેશ્યાલિટી કેમિકલ્સ એક્સટ્રુઝન અને એડિટિવ માસ્ટરબેચ, OGR (તેલ અને ગ્રીસ પ્રતિરોધક) કોટિંગ્સ અને હીટ-સીલ કોટિંગ્સનો તેનો વિસ્તૃત પોર્ટફોલિયો રજૂ કરશે, જેને ફ્લેક્સિબલ પેકેજિંગ, લેમિનેશન અને કન્વર્ટિંગના ઉપયોગોમાં અવરોધની કામગીરી, સીલિંગની કાર્યક્ષમતા અને અંતિમ ઉપયોગ માટેની કાર્યક્ષમતાને વધારવા માટે વિકસાવવામાં આવ્યો છે. શૉમાં બ્લેક અને મેટ PPF, સિરામિક કોટિંગ્સ, ESD શીટ્સ સહિતના ઘણા અન્ય ઉત્પાદનો પણ લોન્ચ કરવામાં આવશે.

**કોસ્મો ફર્સ્ટના ગ્રુપ સીઈઓ શ્રી પંકજ પોદ્દારે શૉમાં સહભાગિતા અંગે જણાવ્યું હતું કે,** "*પ્લાસ્ટઇન્ડિયા 2026 કોસ્મો ફર્સ્ટને વૈશ્વિક ઉદ્યોગના હિતધારકો સાથે જોડાવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે. તે અમને એ દર્શાવવામાં પણ મદદ કરે છે કે અમારા વૈવિધ્યસભર વ્યવસાયો, ટકાઉ ફ્લેક્સિબલ પેકેજિંગ અને અદ્યતન રસાયણોથી લઈને સખ્ત પેકેજિંગ અને સરફેસ પ્રોટેક્શન સોલ્યુશન્સ સુધી કેવી રીતે સામૂહિક રીતે વિકસિત થતી ઉદ્યોગની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. અમારી હાજરી તમામ એપ્લિકેશનમાં નવીનતા, એકીકરણ અને ગ્રાહક-કેન્દ્રિત ઉકેલો પરના અમારા ફોકસને પ્રતિબિંબિત કરે છે.*"

સખ્ત પેકેજિંગ માટેની પેટા કંપની કોસ્મો પ્લાસ્ટેક જેવા નવા વ્યવસાય સખ્ત શીટ્સ, IML અને નોન-IML કન્ટેનર તેમજ થર્મોફોર્મ્ડ પેકેજિંગ સોલ્યુશન્સ રજૂ કરશે, જે ગુણવત્તા, સુસંગતતા અને ખાદ્ય સલામતીના ધોરણો પર મજબૂત રીતે ધ્યાન કેન્દ્રિત કરીને વિવિધ FMCG અને કન્ઝ્યુમર પેકેજિંગની જરૂરિયાતોને પૂર્ણ કરશે. પ્રતિનિધિઓ ઇલેક્ટ્રોનિક્સ અને ઔદ્યોગિક ઉપયોગ માટે વિકસિત પ્લાસ્ટેકની ESD શીટ્સની રજૂઆત અને પ્રદર્શન પણ કરશે.

ગ્રાહકલક્ષી વ્યવસાય, કોસ્મો કન્ઝ્યુમર તેની વિન્ડો ફિલ્મ, પેઇન્ટ પ્રોટેક્શન ફિલ્મ (PPF) અને સિરામિક કોટિંગ્સની શ્રેણીનું પ્રદર્શન કરીને ગરમીને દૂર કરવાના, ટકાઉપણા અને સૌંદર્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને ઓટોમોટિવ, આર્કિટેક્ચરલ અને સરફેસ પ્રોટેક્શનની જરૂરિયાતોને સંબોધશે.

ભારતીય પ્લાસ્ટિક પેકેજિંગ ઉદ્યોગની સતત વૃદ્ધિ અને સ્પેશ્યાલિટી અને હાઈ પર્ફોમન્સ ફિલ્મોની વધી રહેલી વૈશ્વિક માગ વચ્ચે કોસ્મો ફર્સ્ટનું સંશોધન અને વિકાસ, ક્ષમતા વિસ્તરણ અને અદ્યતન એપ્લિકેશન્સ પરનું ફોકસ તેને દુનિયાભરના ફૂડ, આરોગ્યસંભાળ, ઈ-કોમર્સ, મેડિકલ અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં તકોનો લાભ લેવા માટે યોગ્ય સ્થિતમાં મૂકે છે.

છ દિવસના એક્સ્પો દરમિયાન, કોસ્મો ફર્સ્ટના પ્રતિનિધિઓ નવીન ઉકેલોને પ્રદર્શિત કરવા અને તેના પર ચર્ચા કરવા, ઉદ્યોગ-વ્યાપી પ્રશ્નોના જવાબ આપવા અને સંભવિત સહયોગ/વ્યાવસાયિક તકોનું અન્વેષણ કરવા માટે ઉપલબ્ધ રહેશે.

**About Cosmo First Limited:**

Established in 1981 by Mr Ashok Jaipuria, Cosmo First Limited is an over four-decade-old global conglomerate. Its consumer vertical comprises Cosmo Consumer, which is into Window Films, Paint Protection Films & Ceramic Coatings for automobiles, and Zigly Pet Care, which provides a digital-first omni channel pet care ecosystem. Its industrial vertical includes Cosmo Films for specialty films for packaging, labels, lamination, and industrial applications; Cosmo Speciality Chemicals for coatings, adhesives and masterbatches, and Cosmo Plastech for rigid packaging. With sustainable innovation, development, and research embedded in its core values, Cosmo First serves customers in 100+ countries.